SHRI MEHSANA PRANT JAIN DASHA SHRIMALI GNYATI MANDAL - P. Gautam & Co., Nandanvan, Ground Floor, Town Hall , Ellishbridge, Ahmedabad - 380 006.

શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મંડળ - અમદાવાદ (ટ્રસ્ટ રજી.નં. ઈ-૩૩૦૩, તા.૨૩-૮-૭૮) સંચાલિત

ગમતા સંબંધો
સાચવી રાખજો.
જો એ ખોવાશે તો
ગૂગલ પણ
નહીં શોધી શકે.

# પરિવાર પત્રિકા

PARIVAR PATRIKA (Gujarati Monthly) (ગુજરાતી માસિક)

Year - 21 ● Issue No. - 247 ● 1st April 2024 Price Rs. 2/- ● Pages-12

જાગૃતિ ● માહિતી ● પ્રવૃત્તિ ● પ્રગતિ

**પરિવાર પત્રિકાના કાયમી મુખ્ય સૌજન્યદાતા**

સ્વ. શ્રી જશવંતલાલ ચીમનલાલ શાહ......(રણુંજ)
સ્વ. વર્ષાબેન દિલીપભાઈ શાહ.........(ભાલક)

**કાયમી સહાયક દાતા**

સ્વ. વિમળાબેન રસીકલાલ શાહ......(લણવા/પુના)

**પરિવાર પત્રિકા સંપાદન સમિતિ**

સંપાદક : પ્રમોદભાઈ એન. ગાંધી 93270 07054
સહ સંપાદક : બકુભાઈ સી. ગાંધી 98250 96444

ભાઈલાલભાઈ એન. ગાંધી..........(સમોડા) 99257 22324
મીહીરભાઈ એચ. શાહ..........(બોકરવાડા) 98982 58515
ભાવેશભાઈ એમ. શાહ.............(ભાલક) 94277 02080

**મેનેજીંગ ટ્રસ્ટી**

જશવંતલાલ પી. શાહ..........(ભાલક) 99747 16584

**પરિવાર પ્રકાશન કાયમી સૌજન્ય**

શ્રી સેવંતીલાલ છબીલદાસ શાહ પરિવાર.............(ભાલક)
સ્વ. શ્રી નટવરલાલ મણીલાલ શાહ................. (ભાલક)
સ્વ. જેઠાલાલ મોહનલાલ શાહ..................... (ખરોડ)
સ્વ. ચીનુભાઈ મણીલાલ શાહ.................. (પિંઢારપુરા)
સ્વ. શ્રી બાબુલાલ અંબાલાલ શાહ.................. (મોટપ)
સ્વ. શ્રી અમૃતલાલ ઠાકરશી શાહ............... (મોટી દેઉ)
સ્વ. શ્રી પુનમચંદ ઉત્તમચંદ શાહ.................... (લણવા)
સ્વ. શ્રી બાબુલાલ કસળચંદ શાહ................. (વડાવલી)
શ્રીમતી પદ્માબેન રમણલાલ શાહ. .................. (મોટપ)
સ્વ. બિહારીભાઈ ચીમનલાલ મોદી...............(મહેસાણા)
શ્રી નટવરલાલ તલકચંદ શાહ..................... (દેલોલી)
શ્રી ચંપકલાલ મંગળદાસ શાહ.......................(મગુના)
શ્રીમતી પન્નાબેન અશ્વિનકુમાર ગાંધી.............. (સમોડા)
સ્વ. સુબોધચંદ્ર મણીલાલ શાહ...................... (મણુંદ)
સ્વ. કાન્તાબેન રસીકલાલ શાહ................. (વિસનગર)
સ્વ. કમળાબેન ચીમનલાલ શાહ......... (ઉનાવા/આંબેગામ)
સ્વ. લીલાવતીબેન સુમતીલાલ શાહ......... (સીનોલી/મણુંદ)
શ્રીમતી ચંદ્રિકાબેન નવીનચંદ્ર શાહ...............(લણવા)
શ્રી વિજયકુમાર કનુભાઈ શાહ................. (બોરીઆવી)
શ્રીમતી રંજનબેન મહેન્દ્રભાઈ શાહ..................(દેલોલી)
શ્રી નટવરલાલ મફતલાલ શાહ..................... (દેલોલી)
શ્રી ભોગીલાલ લીલાચંદ શાહ......................... (મોટપ)
સ્વ. ઈન્દીરાબેન શશીકાંત તિજોરીવાળા..... (લુણવા-મંડાલી)
સ્વ. ઉષાબેન નરેન્દ્રકુમાર હીંમતલાલ શાહ.......(બોકરવાડા)
શ્રીમતી વિમળાબેન નટવરલાલ શાહ...............(કમાણા)
સ્વ. વસુમતીબેન ઈશ્વરલાલ સોમચંદ શાહ.......... (ભાલક)
સ્વ. પુષ્પાબેન સુરેશચંદ્ર રસિકલાલ ગાંધી......(રણુંજ)
સ્વ. કંચનબેન હીંમતલાલ વાડીલાલ શાહ....(બોકરવાડા)
સ્વ. મહેન્દ્રકુમાર રતીલાલ શાહ (ચાવાળા)..........(સમોડા)

## શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મંડળ, અમદાવાદ

### પ્રગતિ અહેવાલ

વ્હાલા જ્ઞાતિજનો,

જય જીનેન્દ્ર

પ્રિય જ્ઞાતિજનો ને જણાવતા આનંદ થાય છે, આપણું શ્રીમતી સરસ્વતીબેન રમણલાલ શાહ, સાંસ્કૃતિક ભવન, સંપૂર્ણ નવા રંગ રોગાન થઈને, સુંદર દેખાવ ધારણ કરી ચૂક્યું છે. નવા વાતાનુકુલીત યંત્રો, ફાયર સેફ્ટીની સુવિધા, ૧૬ અદ્યતન કેમેરાથી ભવનનું નિરિક્ષણ અને અદ્યતન વાઈ-ફાઈથી સજ્જ, નવીનીકરણ પામેલ ભવન આપ સર્વેની સેવામાં તૈયાર છે.

દાતા શ્રીમતી વર્ષાબેન દિલીપભાઈ શાહ (ભાલક) અને મંગુબેન ચંદુલાલ શાહ (વડાવલી) ના દાનથી શરૂ કરવામાં આવેલ, સાધર્મિક સહાય યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૪-૨૫ના પ્રથમ રાઉન્ડમાં, યોજનાનો લાભ લેવા ઈચ્છતા જ્ઞાતિજનોએ તા.૦૪-૦૪-૨૦૨૪ થી તા.૨૪-૦૪-૨૦૨૪ને બુધવાર સુધીમાં મંડળના વાસણા કાર્યાલયથી સવારે ૧૦-૩૦ થી સાંજે ૬-૩૦ સુધી. (સોમવાર સિવાય) રૂબરૂ આવી જરૂરી ફોર્મ મેળવીને ભરીને પરત કરવું.

આપણા મંડળના સાધર્મિક પરિવારને અન્ય જીવન-જરૂરી સામગ્રી ખરીદવા માટે રોકડ સહાય, "સાધર્મિક અનુમોદના" સ્વરૂપે આપવાની યોજના છે, કોઈ પણ મહાનુભાવને લાભ લેવાની ઈચ્છા હોય તેમણે કાર્યાલયમાં રકમ જમા કરાવી પહોંચ મેળવી લેવા વિનંતી છે.

મેડીકલ સહાય અંતર્ગત આપણા મંડળ દ્વારા હોમીયોપેથિક સેન્ટર ચલાવાય છે. ડૉ. શ્વેતાબેન શાહ જરૂરી તપાસ કરી, દવા તથા સારવાર નિ:શુલ્ક આપવામાં આવે છે. દર મહીનાના ઓલ્ટરનેટીવ ગુરૂવારે (દર ૧૪ દિવસે) બપોરે ૨-૩૦ થી ૪-૩૦ સુધી તેઓ દ્વારા અપાતી સેવા લેવાનો લાભ લેશોજી. આ બાબતનો વોટ્સ-એપ મેસેજ જ્ઞાતિ મંડળના મેસેજ ગ્રુપમાં મોકલવામાં આવે છે.

સમ્યગ્જ્ઞાન પ્રસારનિધિ અન્વયે, સાંસ્કૃતિક ભવન ખાતે દરરજો સાંજે ૪-૧૫ થી ૫-૧૫ દરમ્યાન જૈન પાઠશાળા કાર્યરત છે. ધાર્મિક શિક્ષક શ્રી હિતેશભાઈ સી. શાહના માર્ગદર્શનમાં જ્ઞાતિજનો તથા નજીકમાં વસતા જૈન પરિવારો તેનો લાભ લે છે. આપ સૌને પણ આ પ્રવૃત્તિનો લાભ લેવા વિનંતી.

ભાવેશભાઈ એમ. શાહ-માનદ્મંત્રી ● રમેશભાઈ સી. શાહ-સહમંત્રી

# પરિવાર પત્રિકા

**સૌજન્ય દાતા**
**(જાન્યુઆરી-૨૪ થી ડીસેમ્બર-૨૪)**



**સ્વ. અરૂણાબેન અરવિંદભાઈ શાહ**
(મોટપ - અમદાવાદ)
જન્મ તા.૨૭-૧૨-૧૯૫૧ • સ્વ.તા.૦૫-૧૨-૨૦૨૦

ની સ્મૃતિમાં

જીગ્નેશભાઈ શાહ - રૂપલબેન શાહ
નીશીબેન - દીયાબેન
સંજયકુમાર - મોનાબેન
જૈની - આગમ

**અરવિંદભાઈ પૂનમચંદ શાહ**
(મોટપ-અમદાવાદ)
પરિવાર તરફથી અમદાવાદ બહારના ભારતમાં વસતા તમામ જ્ઞાતિજનોને "પરિવાર પત્રિકા" મોકલવામાં આવશે.

## મંડળની વિવિધ પ્રવૃત્તિઓ

- કેળવણી સહાય/ઉચ્ચ શિક્ષણ સહાય
- સાધર્મિક સહાય
- મેડિકલ સહાય
- મહિલા તત્કાલ સહાય
- શુભ લગ્ન આયોજન
- પરિવાર પત્રિકા
- તપસ્વી બહુમાન
- સમ્યગ્ જ્ઞાન પ્રસાર નિધિ
- મહિલા મંડળ

## પરિવાર શુભેચ્છક

સ્વ. સુભદ્રાબેન સેવંતીલાલ શાહ ....(બોકરવાડા)
શ્રી બંકિમકુમાર કાંતિલાલ શાહ ..........(ઊંઢાઈ)
શ્રી જયંતિલાલ અંબાલાલ શાહ ...........(ઊંઢાઈ)
કંચનબેન ચીનુભાઈ તીજોરીવાળા (લુણવા-મંડાલી)
મધુબેન મહેન્દ્રકુમાર ડાહ્યાલાલ શાહ.....(મગુના)
સ્વ. શ્રી અંબાલાલ બુલાખીદાસ શાહ......(મણુંદ)
સ્વ. સવિતાબેન અંબાલાલ શાહ............(મણુંદ)
સ્વ. શારદાબેન નરોત્તમદાસ શાહ.........(મણુંદ)
સ્વ. નીતાબેન પ્રમોદભાઈ શાહ...........(ખરોડ)

## ધાર્મિક સમાચાર

- સવિતાબેન જોઈતાલાલ અંબાલાલ શાહ પરિવાર (દેણપ-મુંબઈ) હસ્તે : રેખાબેન રોહિતભાઈ શાહના સુપુત્ર ચિ.અમિત અને પુત્રવધુ અ.સૌ. કાજલે તેમની ૧૫મી મેરેજ એનીવર્સરી પ્રસંગે તા.૨૮,૨૯/૦૨/૨૦૨૪ દરમિયાન શ્રી મણીલક્ષ્મી તીર્થ, ઓમકાર તીર્થ, ખંભાત, ચંદ્રમંગલ અને વાલવોડ એમ પંચતીર્થની કુટુંબયાત્રા તેમજ મણીલક્ષ્મી તીર્થમાં સિધ્ધચક્ર મહાપૂજનનો કાર્યક્રમ ખૂબ જ ઉલ્લાસપૂર્વક અને ધર્મમય માહોલમાં સંપન્ન થયો. પરિવારના સૌ સભ્યોને કુટુંબયાત્રા કરાવી એક પ્રેરણા પૂરી પાડી છે. આ બે દિવસ દરમિયાન ૯૫ યાત્રિકોએ દરેક તિર્થમાં દેવદર્શન, ચૈત્યવંદન અને સેવાપૂજાનો લાભ લીધો. મણીલક્ષ્મીતીર્થમાં સંગીતની સુરાવલીમાં રાત્રે ભાવના તેમજ આરતી-મંગલદિવાનો લાભ લીધો. મણીલક્ષ્મી તિર્થના ટ્રસ્ટીઓએ આયોજકોનું બહુમાન કર્યું. આયોજક પરિવાર તથા ઉપસ્થિત સૌ દ્વારા તમામ યાત્રિકોને યાદગાર પ્રભાવના પણ કરવામાં આવી. આ પંચતિર્થ યાત્રામાં મુંબઈ/અમદાવાદના યાત્રિકો સહભાગી થયા હતા.
- કમાણા મુકામે શ્રી નેમિનાથ જિનાલયની સાલગિરા મહાવદ-૯, મંગળવાર તા.૦૫-૦૩-૨૦૨૪ના શુભદિને હરખભેર ઉજવવામાં આવી. સમગ્ર ઉજવણીનો લાભ કેશવલાલ કાળીદાસ શાહ પરિવારે લીધો હતો. આગલા દિવસે તા.૦૪-૦૩-૨૦૨૪, સોમવારના શુભદિને પ્રભુજીના અઢાર અભિષેક સંપન્ન થયેલા તેનો સંપૂર્ણ લાભ શાહ મંજુલાબેન ચીનુલાલ પરિવારે (ઉનાવા-હાલ:રાજકોટ) પરિવારે લીધેલ.
- લણવા નગરે શ્રી શામળા પાર્શ્વનાથ દાદાના જિનાલયની ૧૩૬મી સાલગિરિ પ્રસંગે શ્રી લણવા જૈન સંઘ દ્વારા જિનાલયમાં અઢાર અભિષેક સહ ધ્વજારોહણનો સુંદર કાર્યક્રમ ફાગણ સુદ-૫ ને ગુરુવાર તા.૨૪-૦૩-૨૦૨૪ના રોજ સંપન્ન થયેલ. આગલા દિવસે શ્રી ૧૦૮ પાર્શ્વનાથ પૂજન, ૧૮ અભિષેક, જિનાલય સુશોભન તેમજ બીજા દિવસે સવારે નવકરાશી બપોરનું શ્રી સંઘ સ્વામીવાત્સલ્ય, પ્રભુજીની ભવ્યાતીભવ્ય અંગરચના, સાંજે આરતી મંગળદીવો વિગેરે અનુષ્ઠાનોનો બન્ને દિવસનો લાભ સંપૂર્ણ લાભ કલાવતીબેન જયંતિલાલ મંગળદાસ શાહ (લણવા) સહ પરીવારે લીધો હતો. સવારની નવકારશી, ધ્વજા મહોત્સવ, બપોરનું શ્રી સંઘ સ્વામીવાત્સલ્ય ધ્વજા મહોત્સવ વખતે ડ્રોન દ્વારા બપોરે ૧૨.૩૯ વાગે જિનાલયના શિખર ઉપર પુષ્પ વૃષ્ટિ કરાવેલ હતી અને લાભાર્થી પરિવારને આચાર્ય ભગવંતશ્રી લલિત પ્રભ સાહેબજીના દ્પલમાં અઠ્ઠમના પારણાનો લણવા મુકામે લાભ મળેલ હતો.



**રસિકલાલ ચીમનલાલ શાહ**
(લણવા-અમદાવાદ)
જન્મ તા.૨૪-૧૨-૧૯૩૦ • સ્વ. તા.૨૬-૦૨-૨૦૨૧

દરેક સમસ્યા ટ્રાફિક સિગ્નલની લાલ લાઈટ જેવી હોય છે,
થોડીવાર ધીરજથી રાહ જોશો
તો લાઈટ લીલી થઈ જશે.

ચિમનલાલ પુનમચંદ શાહ
સરોજ મુકેશ શાહ • મુકેશ જે. શાહ
જીગર • હિમાંદ્રી • મોલિક • આનલ
રીયા-કહાન-વિહા
(ભાલક)

## મેડીકલ સહાય/શિક્ષણ સહાય ક્ષેત્રે... દાન-ફંડ-ભેટ

રૂા.૫૧,૦૦૦/-



સ્વ.જશવંતલાલ ચીમનલાલ શાહ
(રણુંજ-અમદાવાદ)

રૂા.૫૧,૦૦૦/-



સ્વ. નિર્મળાબેન જશવંતલાલ શાહ
(રણુંજ-અમદાવાદ)

### સંસ્કાર પ્રેમી/સમાજ પ્રેમી પરિવારથી જ સમગ્ર સમાજ ઉત્કર્ષ સાથે ઉજળો બનતો હોય છે

માતા-પિતા પ્રત્યેનો આદર વ્યક્ત કરવાનો તેમજ વાત્સલ્યઋણ આંશિક રીતે ચૂકવવાનો સોનેરી અવસર એક જ છે અને તે છે તેમના નામ સાથે જોડી શકાય તેવાં સુત્કૃત્યો કરવા.

રણુંજ નિવાસી શ્રી મયુરભાઈ, શ્રી વિજયભાઈ અને શ્રી સંજયભાઈએ તા.૦૨-૦૩-૨૦૨૪ના રોજ શ્રી સંજયભાઈના સુપુત્રશ્રી રાહીલના લગ્ન પ્રસંગે પિતાશ્રી જશવંતલાલ સી. શાહના નામે રૂા.૫૧,૦૦૦/- મેડીકલ સહાય યોજનામાં અને માતુશ્રી નિર્મળાબેન જશવંતલાલ શાહના નામે રૂા.૫૧,૦૦૦/- શિક્ષણ સહાય યોજનામાં દાન આપી પરિવારના વારસાને જીવંત રાખેલ છે.


આ પરિવારનો મંડળ સાથેનો વર્ષો જૂનો ઘરોબો રહ્યો છે. સ્વ. જશવંતલાલ સી. શાહે આપણા મંડળમાં ૫૦ વર્ષ ઉપરાંત સેવા આપી માનદ્મંત્રી/પ્રમુખ તેમજ મેનેજીંગ ટ્રસ્ટી તરીકે સરાહનીય કાર્યો કર્યા છે. આ સમય દરમિયાન તેમના જીવનસંગીની શ્રીમતી નિર્મળાબહેન (નીરૂબેન)નો ઉમદા સંગાથ સાથે પગલે પગલે પ્રોત્સાહક બની રહ્યો હતો. શ્રી મયુરભાઈ શાહની સેવાઓ આપણા મંડળમાં નોંધપાત્ર રહી છે અને હાલમાં યુથફોરમ યુવાવિકાસ સમિતિમાં સક્રીય કામગીરી કરી રહ્યા છે. તેમની કેપ્ટનશીપ હેઠળ સમાજની મુંબઈ ખાતે રમાયેલ ક્રિકેટ મેચમાં કપ જીત્યા હતા. તેમના ધર્મપત્ની સ્વ.શિલ્પાબેનની મહિલા મંડળમાં સેવાઓ નોંધપાત્ર રહી હતી.

આ પરિવારે આ અગાઉ આપણા મંડળમાં શૈક્ષણિક સહાય યોજનામાં ઉચ્ચ શિક્ષણ સહાય યોજના, પરિવાર પત્રિકા, મહિલા મંડળ તેમજ અન્ય પ્રવૃત્તિઓમાં દાન આપેલ છે.

આ પરિવારની રૂડી દિલાવરીને શત્ શત્ અભિનંદન પાઠવીએ છીએ.

## મેડીકલ સહાય ક્ષેત્રે... દાન-ફંડ-ભેટ

રૂા.૨૧,૦૦૦/-



શ્રી નરોત્તમદાસ ઉત્તમલાલ શાહ
(ઉનાવા-અમદાવાદ)

### પિતાના ચરણોમાં ઈશ્વર અને માતાના ચરણોમાં સ્વર્ગ હોય છે.

માતૃઋણ અને પિતૃઋણ અદા કરવાની ક્ષમતા તો સ્વયં ઈશ્વર પાસેય નથી. ત્યાં માણસનું તો શું ગજું? છતાં યથાયોગ્ય પ્રયત્ન થાય એ પણ ગૌરવની ઘટના છે.

ઉનાવાના વતની શ્રી કીર્તિભાઈ, અશ્વિનભાઈ તેમજ રમેશભાઈએ પિતાશ્રી નરોત્તમદાસ ઉત્તમલાલ શાહના નામે મંડળ દ્વારા ચાલતી મેડીકલ સહાય યોજનામાં રૂા.૨૧,૦૦૦/-નું દાન આપેલ છે. આ અગાઉ માતુશ્રી શાન્તાબેનના નામે પણ દાન આપેલ છે.

આ પરિવારનું મંડળમાં સેવાકીય યોગદાન પણ ખૂબ જ રહ્યું છે. ઉત્તમલાલ જગજીવનદાસ શાહ મંડળના સંસ્થાપક પૈકીના હતા. શ્રી નરોત્તમદાસ પૂર્વ પ્રમુખ હતા અને શ્રી કીર્તિભાઈએ માનદ્મંત્રી તેમજ ઉપપ્રમુખ તરીકે સેવા આપેલ છે. જ્યારે શ્રી રમેશભાઈ છેલ્લા પાંચ વર્ષથી ટ્રસ્ટી તરીકે મંડળમાં સતત જ કાર્યરત છે.

આવા ધર્માનુરાગી દાતાશ્રીને અભિનંદન આપતા જ્ઞાતિમંડળ પ્રસન્નતાની અનુભૂતિ અનુભવે છે.

## સુશ્રાવક હંમેશા આમ જ વિચારે

ચારે ગતિમાં નજર કરો કે માનવલોકમાં નજર કરો... દેવલોકમાં પણ બાકાત નથી. દેવેન્દ્રો પણ સુખ-દુઃખના ચકાવામાં ફસાય છે. સામાન્ય માનવીથી લઈ ટોચની સમૃદ્ધિની કક્ષાએ રહેલા ચક્રવર્તી કેમ ન હોય. બધા જ આવી વિટંબણાનો ભોગ બનેલા છે. પરંતુ સુખ હોય કે દુઃખ તેમાં જ પુણ્યાત્માએ હૃદય મંદિરમાં શીલધર્મ અને નમસ્કાર મહામંત્રનો જાપ જપતાં હંમેશા જાગૃત અવસ્થામાં રહે છે તે મહાપુરૂષોનું જીવન (માનવભવ) સફળ છે. મોત ભલે આજે જ થાય. પરંતુ ધીર-ઉત્તમ પુરૂષો સન્માર્ગ-ન્યાયમાર્ગથી એક ડગલું આઘા-પાછા થતાં નથી. પાછી પાની કરતા નથી.

## શૈક્ષણિક સહાય..... દાન-ફંડ-ભેટ

રૂા.૨૦૦૦/- શ્રીમતી ગીતાબેન ફકીરચંદભાઈ શાહની વર્ષગાંઠ નિમિત્તે અમદાવાદ જ્ઞાતિમંડળના શૈક્ષણિક સહાયમાં રૂા.૨૦૦૦/-નું દાન આપેલ છે. હસ્તે : શ્રીમતી સુરબાળાબેન નરેન્દ્રભાઈ શાહ (મોઢેરા) અમદાવાદ જ્ઞાતિમંડળ આ દાતાઓનો ખૂબ ખૂબ આભાર માને છે.

# SEEING IS BELIEVING, JUST VISIT US



KINGS MARVELA @KINGS VILLA

KV

**Villa**
Inspired by
**European Architecture**

**Gift your loved one A dream villa @ Kings Marvela**

**LAND SIZE : 800 - 3000 SQ. YD.**
**CONSTRUCTION : 300 & 675 SQ. YD.**












(SCAN FOR VIDEO)

**76000 71203 / 07, 99242 22538**

WEBSITE : (WWW.KINGSVILLA.IN)

***FULLY FURNISHED VILLA (PROJECT BY KINGSVILLA)***
***(ENJOY THE EXOTIC LIVING, DERASAR & KINGS CLUB IN VICINITY)***



KINGS ABODE @KINGS VILLA

**Villa** Inspired by **Modern Architecture**

**Gift your loved one A dream villa @ Kings Abode**

LAND SIZE : Aprox 700 - 1700 SQ. YD.
CONSTRUCTION : Aprox 200 SQ. YD.





## OTHER AMENITIES

CLUB | DERASAR | WATER PARK | ATV BIKE| RESTAURANT | BANQUET
RAIN DANCE FLOOR | GAMING ZONE & MANY MORE...

## OTHER ATTRACTIVE PROJECTS

KINGS CASTLE | KINGS AURA
KINGS GLORY | KINGS LEGACY

(SCAN FOR LOCATION)

76000 71203 / 07, 99242 22538

**KINGSVILLA, OPP. BAVLA WATER TANK.**
**NEAR ADRODA VILLAGE (7 KM FROM BAVLA)**

# ઉનાવાનગરે સાલગીરી પ્રસંગે અનુમોદના

પરમપૂજ્ય પ્રશાંતમૂર્તિ તપાગચ્છાધિપતિ આચાર્ય ભગવંત શ્રીમદ્ મનોહરકીર્તિસાગરસૂરી મ.સા.ના શિષ્યરત્ન પ્રવચન પ્રભાવક આચાર્ય ભગવંત શ્રી ઉદયકીર્તિ સાગરસૂરી મ.સા.ના શિષ્યરત્ન મધુરવક્તા શ્રી મહાવિદેહ તીર્થધામ (નવાબબલપુરા) ના માર્ગદર્શક પૂજ્ય મુનીવર્યશ્રી વિદ્યોદયકીર્તિ સાગરજી મ.સા. તથા આદીઠાણાના સોહામણા સાનિધ્યમો ઉનાવાનગરે સં. ૨૦૮૦ ફાગણ સુદ-૩ ને મંગળવાર તા.૧૨-૦૩-૨૦૨૪ના રોજ શ્રી ભીડભંજન પાર્શ્વનાથ, શ્રી આદેશ્વરદાદા, શ્રી કલ્યાણ પાર્શ્વનાથદાદા તથા મીની શ્રી શેત્રુંજય પર્વત સંકુલની સાલગીરી સંઘમાં આનંદ અને ઉત્સાહથી ઊજવવામાં આવી.

૧. સાલગીરી ઉજવણીના લાભાર્થી
સવારે નવકારશીના લાભાર્થી
મમતાબેન સુરેશચંદ્ર રતીલાલ શાહ પરિવાર (વાપી)
હસ્તે : શ્રી તુષાર, શ્રી ભાવિનભાઈ

૨. શ્રી ભીડભંજન પાર્શ્વનાથ ધ્વજા રોહણ
શેઠ શ્રી છનાલાલ દ્વારકાદાસ શાહ પરિવાર

૩. શ્રી આદેશ્વરદાદા ધ્વજા રોહણ
શેઠ શ્રી જગજીવનદાસ મૂળચંદદાસ શાહ પરિવાર

૪. શ્રી કલ્યાણ પાર્શ્વનાથદાદા ધ્વજા રોહણ
શ્રીમતી ગીતાબેન રાકેશકુમાર કાંતિલાલ શાહ પરિવાર
કુંભારિયા પાડો-પાટણ, ખાડિયા-અમદાવાદ, હાલ નિવાસી : ચોપાટી-મુંબઈ.

૫. શ્રી શેત્રુંજયાવતાર તીર્થ સંકુલ ધ્વજા રોહણ
(એ) કાનુંગા જમનાબેન ચંપાલાલ બોથરા (સાંચોરવાળા)
હસ્તે : શેઠશ્રી ભંવરલાલ ચંપાલાલ કનુંગા (ઊંઝા)
(બી) શ્રીમતી ગીતાબેન રાકેશકુમાર કાંતિલાલ શાહ પરિવાર
(સી) શાંતાબેન નરોત્તમદાસ ઉત્તમલાલ શાહ પરિવાર
હસ્તે : કીર્તિ, અશ્વિન, રમેશ, સુલોચના, ભારતી

૬. લાડવાની પ્રભાવનાના લાભાર્થી
મમતાબેન સુરેશચંદ્ર રતીલાલ શાહ પરિવાર (વાપી)

૭. સં. ૨૦૮૧ના ફાગણ સુદ-૩ની શ્રી કલ્યાણ પાર્શ્વનાથદાદા ધ્વજા રોહણના લાભાર્થી
રૂા.૩,૧૧,૦૦૦/- શ્રીમતી શર્મિષ્ઠાબેન હર્ષદકુમાર સુમતીલાલ શાહ (મહેસાણા)

૮. સને ૨૦૨૪ - ૨૦૨૫ના પૂજારી પગારના લાભાર્થી
રૂા.૧,૦૫,૦૦૦/- શાહ સવિતાબેન ઈશ્વરલાલ હરગોવિંદદાસ પરિવાર (પૂના)
હસ્તે : શ્રી ધર્મેન્દ્રભાઈ, શ્રી અરવિંદભાઈ, શ્રી યોગેશભાઈ

૯. શ્રી સાધારણ ખાતાની ટીપના લાભાર્થી
રૂા. ૨૭,૦૦૦/- માતુશ્રી જમનાબેન ભોમચંદજી તારાજી ભંશાલી (ભીનમાલ, હાલ:મુંબઈ)
રૂા. ૧૧,૦૦૦/- ભરતકુમાર બાબુલાલ ચુનીલાલ શાહ (સરૈયા), મુંબઈ
રૂા. ૧૧,૦૦૦/- શ્રીમતી સુર્યાબેન પ્રવીણચંદ્ર છનાલાલ શાહ (ઉનાવા)
રૂા. ૫,૧૦૦/- શકુબેન રસિકલાલ તલકચંદ શાહ પરિવાર (અમદાવાદ)
રૂા. ૫,૧૦૦/- ઈશ્વરીબેન જયન્તીલાલ ચીમનલાલ શાહ (ડીસા)
રૂા. ૫,૧૦૦/- કાનુંગા જમનાબેન ચાંપાલાલ બોરા (સાંચોરવાળા, હાલઃ ઊંઝા)
રૂા. ૫,૧૦૦/- શારદાબેન કિર્તીકુમાર બાબુલાલ ચુનીલાલ શાહ (સરૈયા) મલાડ, મુંબઈ
રૂા. ૫,૧૦૦/- શાહ સવિતાબેન ઈશ્વલાલ હરગોવિંદદાસ પરિવાર (પૂના)
રૂા. ૫,૧૦૦/- સુમનબેન રાજુભાઈ જૈન (ઉનાવા)
રૂા. ૫,૦૦૦/- ભગવતીબેન ચંદુલાલ છનાલાલ શાહ (મહેસાણા)
રૂા. ૫,૦૦૦/- સોનલબેન ભરતકુમાર બાબુલાલ શાહ (પૂના)
રૂા. ૫,૦૦૦/- સુર્યકાન્ત કેશવલાલ કાળીદાસ શાહ હસ્તે : શ્રી કેતનભાઈ (સુરત)
રૂા. ૫,૦૦૦/- શ્રીમતી રંજનબેન હર્ષદભાઈ જયંતીલાલ ભાવસાર (ગાંધીનગર)
રૂા. ૫,૦૦૦/- વિમળાબેન સુમતીલાલ શાહ
રૂા. ૩,૦૦૦/- શ્રી પાર્શ્વજિન નેમી ભક્ત મંડળ, નારણપુરા (અમદાવાદ)

૧૦. વાર્ષિકકેસરના લાભાર્થી
સ્વ. વાડીલાલ મોહનલાલ શાહ હસ્તે : નવીનચંદ્ર વાડીલાલ શાહ પરિવાર (અમદાવાદ)

ઉનાવા બહારગામ રહેતા પરિવારોમાંથી સારી એવી સંખ્યામાં સભ્યોએ સાધારણસભામાં હાજર રહી ઉનાવા સંઘની ૨૦૦મી સાલગીરી આનંદ-ઉત્સાહ સાથે ઉજવાય તેની મંત્રણા કરી ત્રણ દિવસનો મહોત્સવ રાખવાનું નક્કી કરેલ જેના ત્રણે દિવસના લાભાર્થીના નામ આવેલ છે જે બીજા પરિપત્ર દ્વારા આપને જાણ કરવામાં આવશે.

ઉનાવા સંઘમાં કાર્ય કરવા માટે નીચે પ્રમાણે કમિટીના સભ્યોની નિમણુંક સર્વાનુમતે કરવામાં આવેલ છે.

પૂના ખાતે :-
શ્રી ધર્મેન્દ્રભાઈ ઈશ્વરલાલ શાહ
શ્રી અશ્વિનભાઈ શાંતીલાલ શાહ

મુંબઈ ખાતે :-
શ્રી મયૂરભાઈ પ્રવીણચંદ્ર શાહ
શ્રી પ્રકાશકુમાર કિર્તીભાઈ શાહ


વડોદરા ખાતે :-
શ્રી આશિષભાઈ કેશવલાલ શાહ

અમદાવાદ ખાતે :-
શ્રી હરિશભાઈ ઉત્તમલાલ શાહ
શ્રી મુકેશકુમાર સુમતીલાલ શાહ


ઉનાવા દેરાસરના પરિસરમાં આવેલ શ્રી શેત્રુંજય તીર્થની રચના

આ પ્રસંગને સફળ બનાવવામાં ઉપરના લાભાર્થી પરિવારો, સંઘના બહારથી તથા ગામના ભાઈઓ અને બહેનો તથા અમદાવાદથી બસ લાવવાનું આયોજન કરનાર શ્રી મુકેશભાઈ સુમતીલાલ શાહ તથા અમારા ટ્રસ્ટીગણનું શ્રી ઉનાવા સંઘ વતી ખૂબ ખૂબ અનુમોદના કરીએ છીએ.

લી.
પ્રવીણચંદ્ર છનાલાલ શાહ–મેનેજીંગ ટ્રસ્ટી
ચંદ્રકાન્ત રમણલાલ શાહ–ટ્રસ્ટી
દીપકભાઈ ચંપકલાલ શાહ–ટ્રસ્ટી
હરેશભાઈ શાંતિલાલ શાહ–ટ્રસ્ટી
વિક્રમભાઈ બાબુલાલ શાહ–ટ્રસ્ટી




## દર્દીનો અભિપ્રાય

રમેશભાઈ નરોત્તમદાસ શાહ (ઉનાવા) અમદાવાદ જણાવે છે કે....

આપણા જ્ઞાતિમંડળના નેજા નીચે મેડીકલ સહાય સ્કીમના ઉપક્રમે દર મહિનાના બે ગુરૂવારે જ્ઞાતિ મંડળના હોલ ઉપર હોમીયોપેથીક કેમ્પ ચાલે છે. મારા ડાબા પગની નસમાં ક્યારેક ક્યારેક રાત્રે સખત દુ:ખાવો થતો હોય છે. આ અંગે છેલ્લા ૩ મહીનાથી આ હોમીયોપેથીક કેમ્પમાં ડૉ.શ્વેતાબેન પાસેથી દવા નીયમીત રીતે લઉં છું. જેનાથી મને ખૂબ જ રાહત થઈ ગઈ છે. હવે દુ:ખાવો લગભગ નહીવત જેવો જ ક્યારેક લાગે છે. હજુ પણ આ દવાનો કોર્સ ચાલુ જ છે અને નજીકના ભવિષ્યમાં દુ:ખાવો બિલકુલ બંધ થઈ જશે તેમ લાગે છે. આ દવા પણ નિ:શુલ્ક આપવામાં આવે છે.

મારી માફક અન્ય પણ ઘણી વ્યક્તિઓ પોત પોતાને થતા દર્દ અંગેની દવાઓ લે છે.

જ્ઞાતિ મંડળની અનેકવિધ પ્રવૃત્તિઓ સમગ્ર સમાજને લાભદાયી છે. તેમાં આ પ્રવૃત્તિ પણ વિશેષ લાભ દાયક છે.

જરૂરિયાત વાળી વ્યક્તિઓ તેનો લાભ લઈ શકે છે.

એક રાજા હતો.

એણે એક સર્વે કરવાનો વિચાર આવ્યો કે મારા રાજ્યમાં ઘરસંસારમાં પતિનું ચાલે છે કે પત્નીનું ?

એ માટે એણે ઈનામ રાખ્યું અને રાજ્યમાં જાહેરાત કરી કે જે ઘરમાં પતિનું ચાલતું હોય એમને ગમતો ઘોડો ઈનામમાં આપશે અને જેને ત્યાં પત્નીની સરકાર હોય એમને સફરજન મળશે...

એક પછી એક બધા નગરજનો સફરજન ઉઠાવવા માંડ્યાં. રાજાને તો ચિંતા થઈ કે શું મારા રાજ્યમાં બધા સફરજન જ છે? એવામાં એક મોટી મુછો, લાલઘુમ આંખો અને પાંચ હાથ પુરો જુવાન આવ્યો અને બોલ્યો... રાજાજી, મારા ઘરમાં હું કહું એમ જ થાય.

લાવો ઘોડો...?

રાજા તો ખુશ થઈ ગયા... અને કહ્યું... જા જવાન, મનગમતો ઘોડો લઈ લે... જવાન તો કાળો ઘોડો લઈને થયો રવાના... ઘરે પહોંચ્યો અને થોડીવાર ત્યાં તો દરબારમાં પાછો આવ્યો...

રાજા : કેમ જવા મર્દ, પાછો કેમ આવ્યો ?

જવાન : મહારાજ, ઘરવાળી કહે છે કે...

કાળો રંગ તો અપશુકનિયાળ કહેવાય. સફેદ રંગ શાંતિ અને પ્રગતિ નો છે તો સફેદ ઘોડો આપો...

રાજા : ઘોડો મુક અને સફરજન લઈ ને હાલતી પકડ...

એમ જ રાત પડી. દરબાર વીખરાઈ ગયો...

અડધી રાતે મહામંત્રીએ દરવાજો ખખડાવ્યો...

રાજા : બોલો મહામંત્રી... શું કામ પડ્યું?

મહામંત્રી : મહારાજ, તમને સફરજન અને ઘોડો ઈનામ તરીકે રાખ્યા એના કરતાં એક મણ અનાજ અને સોનામહોર રાખ્યા હોત તો ખાવામાં કે ઘરના ને ઘરેણાં કરવા કામ તો આવત...

રાજા : મારે તો ઈનામ એ જ રાખવું હતું. પણ મહારાણી એ સુચન કર્યું અને મને પણ લાગ્યું કે આ ઈનામ જ વ્યાજબી છે એટલે...

મહામંત્રી : મહારાજ, તમારા માટે સફરજ સુધારી આપું...?

રાજા મરક મરક હસ્યા અને પુછ્યું...

મહામંત્રી આ સવાલ તો તમે દરબારમાં આજે





અથવા સવારે પણ પુછી શકતા હતા...

તો અત્યારે આવવાનું કારણ?

મહામંત્રી : એ તો મારા ગૃહલક્ષ્મીએ કીધું કે જાવ અત્યારે જ પુછતા આવો એટલે સાચી ખબર પડે....

રાજા (વાત કાપીને : મહામંત્રી જી, સફરજન તમે હાથે લેશો કે હું ઘરે મોકલી આપું?

મોરલ : સમાજ ભલે પુરુષપ્રધાન હોય પણ સંસાર તો સ્ત્રી પ્રધાન હતો, છે અને રહેશે...

તા.ક. (ખાસ નોંધ)

હું આ પોસ્ટ આવતી કાલે મુકવાનું વિચારતો હતો પણ પત્નિએ કીધું આવતી કાલ કોણે જોઈ છે. એટલે આજે જ મુકી દો...!

અત્યારે બંદા બેઠા બેઠા સફરજન ખાય છે.

# સ્મરણાંજલિ



પિતાશ્રી અમૃતલાલ સુરચંદ શાહ
સ્વર્ગવાસ : ૩૧.૦૩.૧૯૯૦



માતુશ્રી કમળાબેન અમૃતલાલ શાહ
સ્વર્ગવાસ : ૨૫.૦૪.૨૦૧૦



ભગિની મંજુલાબેન નવીનચંદ્ર શાહ
સ્વર્ગવાસ : ૧૧.૦૯.૨૦૧૦





ભાઈશ્રી સુધીર અમૃતલાલ શાહ
સ્વર્ગવાસ : ૧૯.૧૨.૧૯૯૧

**સમયાંતરે આપ સૌ અમારા જીવનમાં આવ્યા અને વિદાય થતા ગયા...**
**આપના આદર્શો, ધર્મનિષ્ઠા અને પ્રમાણિકતાનું સંપૂર્ણ અનુશીલન**
**એ જ અમારી જીવન યાત્રાની સાર્થકતા અને સફળતા છે.**
**બસ, આપના આશીર્વાદ અને પરમકૃપાળુ પરમાત્માની કૃપાથી**
**આવનારી પેઢીઓમાં પણ આ પરંપરા જળવાઈ રહે**
**એ જ હૃદયપૂર્વકની અભિપ્સા અને પ્રાર્થના સહ...**

## માતુશ્રી કમળાબેન અમૃતલાલ સુરચંદ શાહ પરિવાર (મોટપ) વડોદરા


| | | | |
|---|---|---|---|
| મહેન્દ્ર શાહ – અરૂણા શાહ<br>શ્રેણીક – બીંદી<br>હીર – ફેયા | રાજેશ શાહ – દીપીકા શાહ | પંકજ શાહ – સોનલ શાહ<br>લબ્ધિ – અંકિતા<br>પરાર્થ | કમલેશ શાહ – જીજ્ઞા શાહ |

**દીકરી–જમાઈ**

| | | | |
|---|---|---|---|
| પીનલ કૌશલ શાહ<br>કૌશલ રજનીકાંત શાહ<br>શર્વિલ - જૈનીલ | ધારા તેજસ શાહ<br>તેજસ રોહિતભાઈ શાહ<br>પ્રથમ - મિહિકા | ઝુલા મીતેષ શાહ<br>મીતેષ કમલેશભાઈ શાહ<br>ત્વિશા | રીદ્ધી દર્શન શાહ<br>દર્શન હરેશભાઈ શાહ<br>શૌર્ય |

| | | |
|---|---|---|
| કોમલ દેવ શાહ<br>દેવ ભુપેન્દ્રભાઈ શાહ<br>પંથ - લક્ષ્ય | વૃત્તિ નિશિત ગાંધી<br>નિશિત કમલેશભાઈ ગાંધી<br>મન્વ | વાચા પાર્થ પંડ્યા<br>પાર્થ બાબુભાઈ પંડ્યા<br>આધ્યા |

# અવસાન-શ્રધ્ધાંજલિ




**સુર્યકાન્તભાઈ કેશવલાલ શાહ**
ગામ : ઉનાવા
હાલ : અમદાવાદ
સ્વ.તા.૧૦-૦૧-૨૦૨૪,બુધવાર



**સુશીલાબેન ચંપકલાલ શાહ**
ગામ : મોઢેરા
હાલ : સુરત
સ્વ.તા.૨૮-૦૨-૨૦૨૪,બુધવાર



**પ્રમોદકુમાર વિઠ્ઠલદાસ શાહ**
ગામ : વિસનગર
હાલ : અમદાવાદ
સ્વ.તા.૧૫-૦૩-૨૦૨૪,શુક્રવાર



**ઉર્મિલાબેન રતિલાલ શાહ**
ગામ : મણુંદ
હાલ : ભાયંદર (થાણા)
સ્વ.તા.૧૭-૦૩-૨૦૨૪,રવિવાર



**પ્રવિણાબેન હર્ષદકુમાર શાહ**
ગામ : મોટીદાઉ
હાલ : અમદાવાદ
સ્વ.તા.૧૭-૦૩-૨૦૨૪,રવિવાર

## આ દિવંગત આત્માઓને પ્રભુ શાંતિ આપે તેવી પ્રાર્થના

એક જંગલ હતું. તેમાં એક હરણી ગર્ભવતી હતી અને તેનું બચ્ચું જન્મવાની તૈયારીમાં જ હતું. દૂર દેખાઈ રહેલું નદી પાસેનું એક ઘાસનું મેદાન તેને સુરક્ષિત જણાતા, તેણે ત્યાં જઈ બચ્ચાને જન્મ આપવાનો નિર્ણય કર્યો. તે ધીમે ધીમે ત્યાં જવા આગળ વધી અને ત્યાં જ તેને પ્રસુતિની પીડા શરૂ થઈ ગઈ.

તે જ ક્ષણે અચાનક... તે વિસ્તારમાં કાળા ડિબાંગ વાદળા છવાઈ ગયાં અને વિજળીનો ગડગડાટ શરૂ થઈ ગયો. વિજળી પડતા ત્યાં દાવાનળ ફેલાઈ ગયો.

ડાબી બાજુએ જોયું તો ત્યાં  તેને એક શિકારી પોતાના તરફ તીરનું નિશાન તાકતો દેખાયો. તે જમણી તરફ ફરી ઝડપથી એ દિશામાં આગળ વધવા ગઈ ત્યાં તેને એક ભૂખ્યો વિકરાળ સિંહ પોતાની દિશામાં આવતો દેખાયો.

આ સ્થિતીમાં ગર્ભવતી હરણી શું કરી શકે કારણ તેને પ્રસૂતિની પીડા શરૂ થઈ ચૂકી છે.

તમને શું લાગે છે? તેને શું થશે? શું હરણી બચી જશે?

શું તે પોતાના બચ્ચાને જન્મ આપી શકશે? શું તેનું બચ્ચુ બચી શકશે? કે પછી...

દાવાનળમાં બધું સળગીને ભસ્મીભૂત થઈ જશે?

શું હરણી ડાબી તરફ ગઈ હશે? ના, ત્યાં તો શિકારી તેના તરફ બાણનું નિશાન તાકી ઉભો હતો. શું હરણી જમણી તરફ ગઈ હશે? ના, ત્યાં સિંહ તેને ખાઈ જવા તૈયાર હતો.

શું હરણી આગળ જઈ શકે તેમ હતી? ના, ત્યાં ધસમસતી નદી તેને તાણી જઈ શકે એમ હતી.

શું હરણી પાછળ જઈ શકે તેમ હતી? ના, ત્યાં દાવાનળ તેને બાળીને ભસ્મ કરી દઈ શકે તેમ



હતો.

જવાબ : આ ઘટના સ્ટોકેઈસ્ટીક પ્રોબેબીલીટી થિયરીનું એક ઉદાહરણ છે.

તે કંઈજ કરતી નથી. તે માત્ર પોતના બચ્ચાને, એક નવા જીવને જન્મ આપવા પર જ ધ્યાન કેન્દ્રિત કરે છે.

એ ક્ષણ પછીની ફક્ત બીજી જ ક્ષણમાં આ પ્રમાણે ઘટનાક્રમ બનાવા પામે છે. એક ક્ષણમાં શિકારી પર વિજળી પડે છે અને તે અંધ બની જાય છે. આકસ્મિક બનેલી આ ઘટનાને લીધે શિકારી નિશાન ચૂકી જાય છે અને તીર હરણની બાજુમાંથી પસાર થઈ જાય છે.

તીર સિંહના શરીરમાં ઘૂસી જાય છે અને તે બૂરી રીતે ઘાયલ થઈ જાય છે. એજ ક્ષણે મૂશળધાર વર્ષા વરસે છે અને દાવાનળને બુઝાવી નાખે છે. એ જ ક્ષણે હરણી એક સુંદર, તંદુરસ્ત બચ્ચાને જન્મ આપે છે.

આપણા સૌના જીવનમાં એવી કેટલીક ક્ષણો આવે છે જ્યારે બધી દિશાઓમાંથી નકારાત્મક વિચારો અને સંજોગો આપણને ઘેરી વળે છે. એમાંના કેટલાક વિચારો તો એટલા શક્તિશાળી હોય છે કે તે આપણા પર હાવી થઈ જાય છે અને આપણને શૂન્યમસ્તક બનાવી શકે છે. પણ જીવનમાં એક જ ક્ષણમાં પરિસ્થીતી તદ્દ્ન  બદલાઈ જઈ શકે છે.

ચારેબાજુ નકારાત્મકતા જોવા મળે તો પણ દ્રઢ નિશ્ચય રાખીએ તો અવશ્ય સફળતા મળે જ છે.

**Be Positive**
ફક્ત ઈશ્વરમાં શ્રધ્ધા રાખો.
બાકી બધું ઈશ્વર પર છોડી દો.

## હાર્દિક શ્રધ્ધાંજલિ



# સુલોચનાબેન મનુભાઈ શાહ

જન્મ તા.૧૧-૦૨-૧૯૪૮ • સ્વ.તા.૨૯-૦૧-૨૦૨૪

હરપળ તમારી યાદ આવ્યા કરે છે. આપે કર્મો એવા કર્યા
જે બધાનાં હ્યદયમાં ગુંજ્યા કરે છે.
દુઃખ-દર્દથી કદી ડર્યા નહી, સુખથી કદીય છલકાયા નહિ.
આપનો પ્રેમાળ સ્વભાવ કૌટુંબિક વાત્સલ્ય, વ્યવહાર કુશળતા, ઉદારતા,
ધર્મ પ્રત્યેની શ્રધ્ધા જેવા અનેક સદ્‌ગુણોને યાદ કરીને
અમારું હ્યદય આજે પણ આપનું સાનિધ્ય અનુભવે છે.

## પરિવારજનો

**અ.સૌ. શાંતાબેન નરોત્તમદાસ ઉત્તમલાલ શાહ પરિવાર - (ઉનાવા) અમદાવાદ**

કીર્તિભાઈ - ઉર્મિલાબેન
પ્રણવ - હીરલ
જસ્મીન - પ્રમેય
સેજલ - તેજસ

અશ્વિનભાઈ - રેખાબેન
રાજન - કિંજલ
મીનલ - સિધ્ધેશ

રમેશભાઈ - માલતીબેન
જીગર - ઈશીતા
વિરલ - જીનલ

મનુભાઈ ડાહ્યાલાલ શાહ
ડૉ. ચિંતન - સાચી
મોનલ - કૃણાલ

ભારતીબેન શશીકાંત શાહ
બીજલ - રીશી
ડૉ. અનુજા - સાગર
મોનલ - ડૉ. શમ્મી

R.N.I. Regd. No. : GujGuj/2003/11307 • Postal Reg. No. : GAMC - 1401/2021-23 Publishing on 1st Date of every Month
Issued by SSP Ahmedabad Valid up to 31-12-2023 • Posting at P.S.O. Ahmedabad on 1st date of every month
Licensed to Post Without Prepayment No.PMG/NG/102/2021-23 valid up to 31/12/2023



શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મંડળના પરમ આદરણીય ગુણવંતીબેન જશવંતલાલ શાહ પરિવાર - બોકરવાડા વતી સુશ્રાવક શ્રી રાજેશભાઈ શાહ (સી.એ.) તરફથી જૈન ધર્મની ઉત્કૃષ્ટ આરાધના અને ૪૫ દિવસના સાધુજીવનનો પર્યાય ગણાતા ઉપધાન તપની

**આરાધના કરવા પધારવા ભાવભર્યું નિમંત્રણ**

# શ્રી મહિમાધામ જૈન તીર્થ (સરખેજ)ને આંગણે
# જસ-ગુણ ઉપધાન ૨૦૨૪

પ્રારંભ : આસો વદ-૯ ૨૫ ઓક્ટોબર, ૨૦૨૪ | ઉપધાન તપના સંપૂર્ણ લાભાર્થી | મોક્ષમાળા પર્વ : માગસર સુદ-૧૫, ૧૫ ડિસેમ્બર, ૨૦૨૪

ગુણવંતીબેન જસવંતલાલ શાહ પરિવાર (બોકરવાડા)

અલકા • સીએ રાજેશ શાહ • ઝલક • Er. અંકિત શાહ, ડૉ.ઋતુ • સીએ જીમિત શાહ • જીનાંશ • પાર્શ્વ
વૈશાલી • હરેન્દ્ર શાહ •ખૂશ્બૂ, ફાલ્ગુની • નિતિન શાહ • ખ્યાતિ • જૈનમ, દ્રિષ્ટિ • પંકિલકુમાર • મિહાન

## ઉપધાન ફોર્મ

ફોર્મ નં. ..........................

નામ .......................................................................................... ઉંમર ......................

સરનામું ..........................................................................................................

..........................................................................................................

વ્યવસાય .......................... આરાધકનો મોબાઈલ ................................. વોટ્સએપ નં. ................................

આરાધકનો સંપર્ક કરી શકાય તેવા નિકટના સ્વજનનો મોબાઈલ ................................. વોટ્સએપ નં. ................................

કયું ઉપધાન તપ કરવું છે? પ્રથમ............................... બીજું .................................... ત્રીજું ................................

પ્રથમ અઢારિયું.................................... બીજું અઢારિયું ................................. ચોકીયું-છકીયું ................................

કોઈ બીમારી હોય તો તેની જાણકારી ફોર્મ સાથે લેખિતમાં આપશો ..........................................................................

તમારા કોઈ સ્વજન સંબંધી સાથે ઉપધાન કરવાના હોય તો તેમનું નામ.................................................. મો.નં.................................

પૂર્વે ઉપધાન કર્યું હોય તો કોની નિશ્રામાં અને ક્યાં કર્યું ?..........................................................................

આપ શ્રી જે કોઈ સંઘના મેમ્બર છો તે સંઘનું નામ :..........................................................................

**ફોર્મ મેળવવા તથા પરત કરવાનું સ્થળ**

સેટેલાઈટ : શ્રી રાજેશભાઈ શાહ : બી-૧૧૦, ગોપાલ પેલેસ, શિરોમણી કોમ્પ્લેક્સ પાસે, નહેરુનગર બીઆરટીએસ, સેટેલાઈટ રોડ. મો.: ૯૮૨૪૦૪૫૬૯૫
સિટી વિસ્તાર : નીરવ પ્રકાશન : ૨૯, કલ્યાણભુવન, હેવમોર રેસ્ટોરન્ટની પાસે, રીલિફ રોડ, અમદાવાદ. દીપેનભાઈ : ૯૩૭૭૫૨૨૬૫૮
પાલડી : વિશાલભાઈ શાહ : ૯૮૨૫૫૯૯૭૬૫ • વાસણા : સુજલભાઈ શાહ : ૯૮૨૪૪૧૦૩૭૭ • સાબરમતી : બીજુલભાઈ શાહ : ૮૪૯૦૮૨૧૫૪૬

- ફોર્મ ભરીને આધારકાર્ડની ઝેરોક્ષ અને બે ફોટા સાથે તા. ૩૦-૦૭-૨૦૨૪, મંગળવાર સુધીમાં ઉપરોક્ત સ્થાને પહોંચાડવું તથા તેની ઝેરોક્ષ કોપી આપની પાસે સાચવવી
- ફોર્મ સ્વીકૃત થયે આપને ફોનથી સમાચાર અપાશે. સ્વીકૃતિ મળતા આપે રૂા. ૨૦૦૦/- જમા કરાવવાના રહેશે. જે આરાધના શરૂ થતાં આપને પરત કરવામાં આવશે.
- સ્થળની અનુકુળતા અનુસાર મર્યાદિત સંખ્યા લેવાની હોવાથી શક્ય એટલું ઝડપી ફોર્મ ભરીને પરત કરવું. સ્વીકૃતિ સંબંધી સર્વ અધિકાર ઉપધાન આયોજકને આધિન રહેશે.

**આયોજક પરિવારને શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મંડળ, અમદાવાદ તરફથી અનુમોદનાપૂર્વક વંદન અને શુભેચ્છાઓ**

परिवार पत्रिका
PARIVAR PATRIKA (Gujarati Monthly) (ગુજરાતી માસિક)

Printed and Published by PRAMODBHAI NAVNITLAL GANDHI on behalf of
SHRI MEHSANA PRANT JAIN DASHA SHRIMALI GNYATI MANDAL and Printed at
Jagadish Offset, Ahmedabad and published from SHRI MESANA PRANT JAIN DASHA SHRIMALI GNYATI MANDAL,
P. Gautam & Co., Nandanvan, Ground Floor, Town Hall, Ellisbridge, Ahmedabad - 380 006. Editor - PRAMODBHAI NAVNITLAL GANDHI